

૩૧ જાન્યુઆરીની ઢળતી સંધ્યાએ શ્રી નગરની પાવન ભૂમિ પર મૂર્તિઓની ભવ્ય નગર શોભાયાત્રાનું આયોજન થયું, જેની શોભા અપૂર્વ હતી ! વિશાળ શોભાયાત્રામાં આબાલવૃદ્ધ, બાઈ-ભાઈ, ત્યાગી-ગૃહસ્થ, મુક્ત-મુમુક્ષુ સૌ જોડાયાં ! સૌના હૈયે અપાર આનંદ હતો !

બાઈક પર સવાર યુવાનો, પોથી અને કળશ ધારણ કરેલ યુવતીઓ, વિવિધ પ્રદેશનાં બૅનર લઈને ઊભા રહેલા ગૃહસ્થ આગેવાનો, સાહેબજીએ સમજાવેલ જીવનભાવનાનાં સૂત્રોને પ્રદર્શિત કરતા ભક્તો, રંગબેરંગી ધજાઓ અને પવિત્ર ચિહ્નોને ધારણ કરીને ઊભેલી યુવાસેના, બૅન્ડવાજાં અને મ્યુઝિક સિસ્ટમ જ્યારે શોભાયાત્રામાં સુસજ્જિત થઈ ત્યારે એક વિરાટ દર્શન ખડું થયું !

મુખ્ય ત્રણ રથ સુશોભિત કરાયા જેમાં અનુક્રમે સદ્‌ગુરુ સંતો, સંતભગવંત સાહેબજી અને શ્રી ઠાકોરજી બિરાજ્યા, જેને અમદાવાદના યુવાનોએ જ ખેંચ્યા ! જાણે સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ જ સાહેબજી સ્વરૂપે ફરી શ્રી નગરે પધાર્યા હોય અને સામૈયું નીકળ્યું હોય તેવી દિવ્ય અનુભૂતિ ઉપસ્થિત સૌને થઈ !

# શ્રી ઠાકોરજીમહારાજ, શ્રી દેવતાઓ તથા શ્રી ગુણાતીત સંતોની મૂર્તિઓની નગર શોભાયાત્રા

અમદાવાદના સાંજના ભારે ટ્રાફિકમાં પણ સ્વયંસેવકોની સૂઝભરી વ્યવસ્થાઓ હેઠળ ખૂબ સુંદર શોભાયાત્રા સાકાર થઈ, જે આશરે બે કલાક ચાલી ! પ્રભુજી ઉપાસના ધામના પ્રાંગણમાં પધાર્યા ત્યારે સૌ ભક્તો અંતરનો ઉત્સાહ રોકી ન શક્યા, જે અશ્રુસ્વરૂપે, તાલીઓનાં વાદને, ઉચ્ચ સ્વરે ભજનોનાં ગાન અને જયઘોષ દ્વારા વહી ઊઠ્યો ! પૂજન, આરતી અને સ્વાગતનૃત્ય દ્વારા શ્રી ઠાકોરજીનાં ભવ્ય વધામણાં કર્યાં.

આ પ્રસંગે ઉપાસના ધામના પ્રાંગણમાં જ પૂ. ભાગવતઋષિજી, પૂ. અધ્યાત્માનંદસ્વામીજી, પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદાએ હૈયે ઊભરેલા આનંદની વાતો કરી સૌને દિવ્ય સ્મૃતિઓ આપી ! શિસ્તબદ્ધ રીતે આખી શોભાયાત્રા સાકાર કરવા બદલ આયોજક સંતો અને સ્વયંસેવકો પર સાહેબજીએ પ્રસન્નતાના આશીર્વાદ વરસાવ્યા ! સંધ્યા આરતીનો સમય થયો એટલે સંતોએ શ્રી ઠાકોરજીને આરતી અર્પણ કરી ત્યારે સૌ ભક્તો મોબાઈલ ફૉનની ફ્લૅશ લાઈટ ચાલુ કરી તેમાં સંમિલિત થયા ! આ દર્શન અને વાતાવરણની અત્યંત દિવ્યતાની સૌએ અનુભૂતિ કરી.



શ્રી ઉપાસના ધામમાં શ્રી ઠાકોરજીમહારાજની મૂર્તિઓની પધરામણીને
ઉમંગભાવ અને ભક્તિની હેલીએ વધાવતાં અક્ષરમુક્તો

